## મફત કાનૂની સહાય મેળવવા ક્યાં સંપર્ક કરશો ?

**તાલુકા કક્ષાએ**

અધ્યક્ષશ્રી,
તાલુકા કાનૂની સેવા સમિતિ,
તાલુકા કોર્ટ.

**જિલ્લા કક્ષાએ**

**સચિવશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,**
**જિલ્લા કોર્ટ બિલ્ડિંગ, રૂમ નં. ૭૨૩, સાતમા માળે,**
**અઠવાલાઈન્સ, સુરત. ફોન નં. : ૦૨૬૧-૨૬૫૧૮૦૪**

**હાઈકોર્ટ કક્ષાએ**

સેક્રેટરીશ્રી,
હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિ,
ત્રીજો માળ, વહીવટી બિલ્ડિંગ,
ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્સ,
સોલા, અમદાવાદ ૩૮૦૦૬૦
ફોન નં. ૦૭૯-૨૭૬૬૫૮૧૫

**રાજ્ય કક્ષાએ**

સભ્ય સચિવશ્રી,
**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
ત્રીજો માળ, વહીવટી બિલ્ડિંગ,
ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્સ,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નં. 079-27664964, 27665296
**ટોલ ફ્રી નં. - 1800-233-7966**

# સર્વને સમાન ન્યાય

## ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ

## કાનૂની સહાય અને સલાહ

**સર્વને સમાન ન્યાય**

કાનૂની સહાય યોજનાનો લાભ અવશ્ય લો.

**પેટ્રન-ઈન-ચીફ**
માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રી
ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

**કારોબારી અધ્યક્ષ**
માનનીય ન્યાયમૂર્તિશ્રી
ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

**સભ્ય સચિવશ્રી**
**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ.**
ત્રીજો માળ, વહીવટી બિલ્ડિંગ, ગુજરાત હાઈકોર્ટ,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
**ટોલ ફ્રી નં. - 1800-233-7966**

# ફરજ માટે તત્પરતા

## મોટર અકસ્માતમાં વળતર મેળવવાનો કાયદો



આજના જેટ યુગના જમાનામાં ભારત દેશમાં અસંખ્ય વાહનોની સંખ્યા વધી છે. અકસ્માતની સંખ્યા પણ વધી છે.

ટ્રક, બસ, રિક્ષા, મોટર, સ્કૂટર, ટ્રેક્ટર વગેરે વાહનોમાં અસંખ્ય મુસાફરો ફરે છે. રસ્તે ચાલતાને પણ તે વાહનોની ટક્કરથી અકસ્માત સર્જાય છે અને તેમાં વ્યક્તિને અને તેની મિલકતને ઈજા થાય છે, નુકસાન થાય છે, અને ક્યારેક મૃત્યુ પણ થાય છે. આ બધા સંજોગોને ધ્યાનમાં લઈ ભારત સરકારે ૧૯૮૮માં મોટર એક્સિડન્ટ ટ્રિબ્યુનલ સ્થાપિત કરીને અકસ્માત વળતર લોકોને ખૂબ જ સરળતાથી પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કર્યો છે.

લોકોને ખૂબ સરળતાથી અને કોઈ પણ જાતના ટેકનિકલ બાધ આવ્યા વગર પોતાને થયેલું નુકસાન, ઈજા તથા મૃત્યુ અંગે વળતર ઝડપથી અને ઘરઆંગણે મળી રહે તે રીતે ફેરફારો કરવામાં આવ્યા છે. અકસ્માતમાં વળતર મેળવવાની પ્રક્રિયાની જાણ પ્રજાને થવી ખૂબ જ જરૂરી છે.

**પ્રશ્ન - ૧ :** અકસ્માત વખતે ઈજા પામનાર તેમજ મૃત્યુ પામનારના સગાઓએ શું ધ્યાન રાખવાનું હોય છે ?

**જવાબ - ૧:** ઈજા પામનાર કે મૃત્યુ પામનારના સગાઓએ પ્રથમ અકસ્માત થયો તે અંગેની ફરિયાદ, જ્યાં અકસ્માત થયો હોય તે જગ્યાનું પંચનામું, મૃત્યુની પોસ્ટમોર્ટમ નોટ, ઈજાનું સર્ટિફિકેટ મેળવું જોઈએ. વધુમાં વાહનનો વીમો ડ્રાઈવરનું નામ તથા તેના માલિકનું નામ અને તે વાહનનો વીમો કઈ કંપનીમાં છે તે અંગેની તમામ માહિતી લેવી જોઈએ. નવા કાયદાના સુધારા મુજબ આ તમામ હકીકત એકત્ર કરવાની જવાબદારી જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હોય તે પોલીસ અધિકારીની છે અને કાયદાની નવી જોગવાઈ મુજબ ગુનાની એફ.આઈ.આર.ની નકલ જે તે પોલીસ સ્ટેશનને જે હકૂમતમાં મોટર અકસ્માત ટ્રિબ્યુનલ આવી હોય એ ટ્રિબ્યુનલમાં મોકલી આપવાની છે. નામદાર ટ્રિબ્યુનલ એ રિપોર્ટને પિટિશન તરીકે દાખલ કરી શકે છે અને તે અંગેની ખાસ જોગવાઈ કાયદામાં કરવામાં આવેલી છે.

**પ્રશ્ન - ૨ :** અકસ્માતમાં ઈજા પામનાર અથવા મૃત્યુ પામાનરના સગાઓ ક્યાં અરજી કરી શકે છે ?

# અધિકાર માટે જાગૃતિ

**જવાબ - ૨ :** કાયદાની નવી જોગવાઈઓ અનુસાર ઈજા પામનાર અથવા મૃત્યુ પામનારના સગાઓ જ્યાં રહેતા હોય ત્યાં અરજી કરી શકે છે.

**પ્રશ્ન - ૩ :** અકસ્માત વળતર માટે દાવો દાખલ કરતી વખતે સમય મર્યાદાને બાધ નડે છે કે કેમ ?

**જવાબ - ૩ :** સુધારેલ નવા કાયદાથી અકસ્માત વળતરનો દાવો દાખલ કરવા માટે સમય મર્યાદાનો બાધ નડતો નથી તથા મુદતનો પ્રશ્ન અને તે અંગેની તકરાર રહેતી નથી.

**પ્રશ્ન - ૪ :** અકસ્માત વળતર દાવો દાખલ કરતી વખતે કઈ કઈ વસ્તુઓ ધ્યાન રાખવી ?

**જવાબ - ૪ :** અકસ્માત વખતે જે વ્યક્તિને ઈજા થઈ હોય તે વ્યક્તિએ સારવાર અંગેના તમામ કાગળો, દવાના બીલો, રોજબરોજના ખર્ચ, તેનો જે હિસાબ રાખે તો તે વળતર મેળવવામાં તેને ઘણી મદદરૂપ થાય છે.

**પ્રશ્ન - ૫ :** ઈજા પામનાર વ્યક્તિ કે મૃત્યુ પામનાર વ્યક્તિએ વળતરના દાવા માટે આવકનો કોઈ પુરાવો રજૂ કરવો પડે કે કેમ ?

**જવાબ - ૫ :** ઈજા પામનાર વ્યક્તિ કે મૃત્યુ પામનાર વ્યક્તિની આવક સંબંધે પણ ખૂબ સબળ પુરાવો આપવો જોઈએ અને તે અંગે યોગ્ય પુરાવા નામદાર કોર્ટમાં સમયસર રજૂ કરવા જોઈએ.

**પ્રશ્ન - ૬ :** ઈજા પામનાર વ્યક્તિ અથવા મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર અંગેનો કોઈ પુરાવો આપવો પડે કે કેમ ?

**જવાબ - ૬ :** ઈજા પામનાર વ્યક્તિ અથવા મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર અંગે પણ સ્પષ્ટ પુરાવો આપવો જોઈએ. જેથી વળતર મેળવવામાં સરળતા રહે.

**પ્રશ્ન - ૭ :** જો કોઈ વ્યક્તિએ આ અરજી કરી હોય અને તેની પાસે નાણાંની સગવડ ન હોય તો શું કરવું ?

**જવાબ - ૭ :** જે વ્યક્તિએ અરજી કરી હોય અને તેની પાસે જો આ વળતર મેળવવાની અરજી કરવા માટે કોઈ નાણાંની સગવડ ન હોય તો તેવી વ્યક્તિ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ મારફતે વિનામૂલ્યે સલાહ સૂચન મેળવી શકે છે તેમ કાનૂની સેવા કેન્દ્ર તરફથી વિનામૂલ્યે વકીલની સેવા પણ મેળવી શકે છે.

---

**નોંધ :** આ માહિતી ફક્ત કાયદાની સરળ સમજ આપવાનો પ્રયાસ છે. તેનો અન્ય ઉપયોગ થઈ શકશે નહીં.